દાખલ તારીખ : ૧૫/૦૯/૨૦૨૫
રજી. તારીખ : ૧૫/૦૯/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૦/૦૪/૨૦૨૬
સમયઃ વર્ષ–૦૦, માસ–૦૬, દિવસ–૨૬

આંક : ૧૮

**ફોર્મ–એ**

## ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટમાં, મેંદરડા

**સમક્ષ : કૃષ્ણ સિંહ રાઠૅાર**
**ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ**

**જજમેન્ટ તારીખઃ ૧૦/૦૪/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર : ૩૯૩/૨૦૨૫**
**એફ.આઈ.આર.નં.૧૧૨૦૩૦૩૯૨૫૦૨૪૩/૨૦૨૫**
**પોલીસ સ્ટેશન : મેંદરડા.**

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક | |
| આરોપી પક્ષ | ૧. | ધીરૂભાઈ ભગવાનભાઈ ભેડા,<br>રહે. ઈટાળી ગામ, તા.મેંદરડા, જિ.જૂનાગઢ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એન.આર.ગુજરીયા | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૮/૦૯/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૫/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજા હુમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો બી.એન. એસ.એસ. –૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ધીરૂભાઈ ભગવાનભાઈ ભેડા, | ૨૧/૭/૨૫ | ૨૧/૭/૨૫ | પ્રોહી. કલમ– ૬૫ (એ)(એ) મુજબ | નિર્દોષ | – | – |

## ફોર્મ–સી

### :: સાહેદોનુ લીસ્ટ ::

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| આંક | વિગત |
|---|---|
| ૦૭ | ફરીયાદી/ત.ક.અ. દેવાભાઈ નથુભાઈ ગળચરની જુબાની |
| ૧૪ | પંચ સાહેદ પંકજભાઈ મુળજીભાઈ બગડાની જુબાની |
| ૧૭ | પંચ સાહેદ જીતેષભાઈ દિનેશભાઈ કુંભાણીની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.
ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.
ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

### :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

| આંક | વિગત |
|---|---|
| ૦૮ | અસલ ફરીયાદ |
| ૦૯ | અસલ પંચનામું |
| ૧૦ | ડેપ્યુટ હુકમ |
| ૧૧ | ફરિયાદનો ફોરવર્ડીગ લેટર |
| ૧૨ | રવાનગી નોંધ |
| ૧૩ | એફ.એસ.એલ. પહોંચ |

બ. બચાવ પક્ષ :
ક. ન્યાયાલય :
ડ. ભૌતિક વસ્તુઓ :

## –: ચુ કા દો :–

।૧। ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯–૦૦ વાગ્યાના વખતે મેંદરડા ઝિંઝુડા રોડ ઉપર પોતાના કબજામાં પ્લા.ની નાની નાની કોથળી ૧૨ જે આશરે દેશી દારૂ લીટર ૦૩(ત્રણ) કિ.રૂા.૬૦૦/– નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી હાજર મળી આવી પકડાઈ જઈ, પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત મેંદરડા પો.સ્ટે.માં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

।૨। આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો બી.એન.એસ.એસ. કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૪ થી આરોપી સામે તહોમતનામું તથા આંક–૫ થી આરોપીની પ્લી નોંધવામા આવેલ, આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

।૩। ફરીયાદ પક્ષે ફરીયાદી/ત.ક.અ. દેવાભાઈ નથુભાઈ ગળચરને આંક–૦૭ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક–૦૮ થી તથા અસલ પંચનામું આંક–૦૯ થી રજુ કરેલ છે. આ ગુનાની તપાસ પણ સદર ફરીયાદીએ જ કરેલ છે. આ સાહેદે આંક–૧૦ થી ડેપ્યુટ હુકમ, આંક–૧૧ થી ફોરવર્ડીગ લેટર, આંક–૧૨ થી રવાનગી પત્રક, આંક–૧૩ થી એફ.એસ.એલ. પહોંચ રજુ કરેલ છે. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, સદર કામે ફરિયાદી તથા ત.ક.અ. પોતે જ છે. એ વાત ખરી છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેઈડ વાળો વિસ્તાર જાહેર રસ્તો છે જયાં માણસોની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, પેટ્રોલીંગમાં કયુ વાહન લઈને ગયેલ તેનો નામ, નંબર કે પ્રકાર જણાવેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદોના નિવેદનમાં પણ પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે,

પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, પંચનામામા દરેક પેજ પર પંચોની સહીઓ લીધેલ નથી. એ વાત ખરી છે કે, પંચનામું જાતે તૈયાર કરેલ. એ વાત ખરી છે કે, પ્લાસ્ટીકની થેલીઓ બજારમાં સહેલાઈથી મળી જાય છે.

।૪। ફરિયાદ પક્ષે આંક–૧૪ થી તપાસેલ પંચ સાહેદ પંકજભાઈ મુળજીભાઈ બગડા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે, આશરે બે ત્રણ માસ પહેલા પાદરચોકમાં બેસેલ હતા ત્યારે પોલીસે બોલાવી એક તૈયાર પંચનામામા તેઓની સહી લીધેલ પંચનામું શેનુ હતુ તે તેઓએ જાણેલ નહી. તેમને આંક–૦૯ વાળુ એક અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ –૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેઓની હાજરીમાં પોલીસે કોઈ ઈસમને અટક કરેલ હોય અને તેની પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે તેઓની એક તૈયાર કાગળમાં સહી લીધેલ તેમાં શું લખેલ તે તેઓને વાંચેલ નહીં કે તેઓને વાંચી સંભળાવેલ નહીં. એ વાત ખરી છે કે, પોલીસે કેટલા કાગળોમાં સહી લીધેલ તે તેઓને યાદ નથી. એ વાત ખરી છે કે, તેઓ અવાર નવાર બનાવ સ્થળ પાસે નીકળતા હોઈએ તેઓ સદર સ્થળેથી નીકળેલ ત્યારે પોલીસે તેઓની સહી લીધેલ. એ વાત ખરી છે કે, તેઓ ઘણા કેસોમાં પંચ તરીકે રહેલ છે. તે વાત ખરી છે કે, પંચનામામાં તેઓની સહી સિવાય અન્ય કોઈ વિગત વિશે તેઓ જાણતા નથી.

।૫। ફરિયાદ પક્ષે આંક–૧૭ થી તપાસેલ પંચ સાહેદ જીતેષભાઈ દિનેશભાઈ કુંભાણી તેઓ પોલીસ સાથે કોઈ પ્રોહી. રેઈડમાં ગયેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવી રેઈડ અંગેના આંક–૦૯ વાળા પંચનામામાં પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. સદર પંચ સાહેદોને આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી તથા પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલાનું સ્વીકારેલ છે.

।૬। આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદી/ત.ક.અ.એ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પંચોના જણાવ્યા મુજબ

પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેમજ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદમાં પંચોના નામ લખાવેલ ન હોવાનું સ્વીકારેલ હોય તેથી પંચોને સાથે રાખી રેઈડ કરેલાનુ માની શકાય નહી. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે પંચો સીવાય કોઈ તટસ્થ સાહેદોના નીવેદનો લીધેલ નથી. મુદ્દામાલ દારૂ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓ રૂબરૂ કોઈ પ્રોહી.નો મુદ્દામાલ પકડેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવે છે. હાલના ગુનાના કામે ફરીયાદી તથા ત.ક.અ. એક જ વ્યકિત છે. જયારે ફરીયાદી અને ઈન્વેસ્ટીગેશન ઓફીસર બન્ને એક જ વ્યકિત હોય તો તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધના કેસના કામે તટસ્થ અને સાચી તપાસ થયેલી છે તેવુ માની શકાય નહીં. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહી. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આ ખ રી નિ ર્ણ ય</u> :–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ આ કામના આરોપી ધીરૂભાઈ ભગવાનભાઈ ભેડા, રહે. ઈટાળી ગામ, તા.મેંદરડા, જિ.જૂનાગઢ નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા,
તા.૧૦/૦૪/૨૦૨૬

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮